# નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી

**સામાજીક વનીકરણ વિભાગ, સુરત**
**' વન ભવન ' ડી-માર્ટની સામે, ગંગેશ્વર મહાદેવ રોડ,**
**અડાજણ, સુરત ૩૯૫૦૦૯**

Ema l : fo-sf-sur@gu arat.gov. n
dcfsurat@gma l.com

Phone No : 02612733831
Fax No : 02612733832


---

ટેન્ટર ફોર્મની કિંમત રૂ. ૧૫૦૦/-
ટેન્ડરની તારીખ : ..........................
ટેન્ડર ફોર્મ નંબર : .........................

સામાજીક વનીકરણ વિભાગ, સુરતની વિવિધ રેંજ કચેરીઓ માટે માટી તથા છાણીયા ખાતરની ખરીદી માટેનું ટેન્ડર અંગેનું ટેન્ડર ફોર્મ

નાયબ વન સંરક્ષક
સામાજીક વનીકરણ વિભાગ
સુરત

---

Party Name / પાર્ટીનું નામ : .......................................
Address / સરનામું : .................................................
GST નંબર : ...........................................................
PAN નંબર : ..........................................................
Ph. No. ફોન નંબર : ................................................
Mob. No. મો. નંબર : ...............................................

પ્રતિ
નાયબ વન સંરક્ષક
સામાજીક વનીકરણ વિભાગ
સુરત

# Short Term Tender Notice

## ટુંકી મુદ્દતની ટેન્ડર અંગેની જાહેરાત

| **Tender to invite bids for purchasing of Material for SF Surat, Division**<br>**સામાજીક વનીકરણ વિભાગ, સુરતની વિવિધ રેંજ કચેરીઓ માટે માટી તથા છાણીયા ખાતરની ખરીદી માટેનું ટેન્ડર** | |
|---|---|
| Tendering Agency and address for availability of the tender<br>નિવિદા બહાર પાડનાર કચેરીનું નામ અને સરનામું | **Deputy Conservator of Forests**<br>Social Forestry Division,<br>Van Bhavan, Shivaji Chowk,<br>Gangeshwar Mahadev Road, Adajan,<br>Surat-395005<br>Office Phone No. : 0261 2733831<br>Fax No. : 0261 2733832 |
| Earnest Money Deposit<br>ખરાપણાની રકમ | ₹25,000/-<br>₹૨૫,૦૦૦/- |
| Tender fee :<br>ટેન્ડર ફીની રકમ : | Rs.1500/-<br>Rs.1500/- |
| Last date and time of submission<br>ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | Dt. 29/05/2023, 12:30 am |
| Date and time of opening<br>ટેન્ડર ખોલવાનો સમય અને તારીખ | Dt. 29/05/2023, 13:00 pm |

# **Terms and Condition / શરતો**

૧. જરૂરી નાણાકીય જોગવાઇને આધીન રહી તથા સત્તા મર્યાદામાં રહીને કાર્યવાહી કરવાની રહેશે. તથા સદર કામની ગુણવત્તા જળવાઇ રહે તેની જવાબદારી જે તે પ.વ.અ.શ્રીની રહેશે.

૨. અમોએ ભરેલ ટેન્ડર ભાવ મંજુર થાય તો તે ભાવે માલ જે તે સ્થળે સપ્લાય કરવા અમો બંધાઇએ છીએ. અને જો તેમ કરવામાં ચુક થશે અને તેથી વન ખાતાને થતું નુકશાન અમો આપવા બંધાઇએ છીએ. આ માટે અમારી કોઇ તકારાર ચાલશે નહી.

૩. ટેન્ડર ફી. રૂ. ૧૫૦૦/- ડી.ડી. **નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, સુરતના** નામનો રજુ કરવાનો રહેશે.

૪. ટેન્ડર ખરાપણાની રકમ પેટે ₹.૨૫,૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફટ નંબર ...................... તા...../....../૨૦૨૩ પેટામાં રજુ કરેલ છે.

૫. હું / અમો જાહેર કરુ છું / કરીએ છીએ કે ટેન્ડર સાથે મળેલ વિગતો શરતો અમોએ વાંચી છે. સમજ્યા છે. જે બરાબર છે. અને ખરી છે. જે મને / અમોને અમારા પ્રતિનિધિઓ / અમારા કુલમુખત્યાર સહિત અમોને કબુલ મંજુર છે. શરતો માન્ય હોય શરતોના દરેક પાના પર સહિ કરી ટેન્ડર સાથે બીડેલ છે.

૬. અમોએ અમારા પ્રતિનિધિનું કુલમુખત્યારનામું રજુ કરેલ છે.

૭. ટેન્ડર ભરનારે નીચેના પત્રકમાં તમામ કોલમો પોતાના અક્ષરોમાં ભરવાના રહેશે.

૮. અમોએ ટેન્ડરની શરતો વાંચી અને સમજી છે. તે અમોને માન્ય કબુલ મંજુર અને બંધનકર્તા છે.

સહી/-

# નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી

**સામાજીક વનીકરણ વિભાગ, સુરત**
**'વન ભવન' ડી-માર્ટની સામે, ગંગેશ્વર મહાદેવ રોડ,**
**અડાજણ, સુરત ૩૯૫૦૦૯**

Ema l : fo-sf-sur@gu arat.gov. n
dcfsurat@gma l.com

Phone No : 02612733831
Fax No : 02612733832


નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, સામાજીક વનીકરણ વિભાગ, સુરત હેઠળની વિવિધ રેંજ કચેરીઓમાં માટી તથા છાણીયુ ખાતર સપ્લાય કરવા માટે ટેન્ડરની શરતો :

૧. ટેન્ડર ઓનલાઇન ડાઉનલોડ કરી ટેન્ડર ફોર્મ ભરવાનું રહેશે.

૨. કોન અરજી કરી શકે છે : ગુજરાતમાં રહેનાર ભારતનું કોઇપણ નાગરિક કે જે આ નિવિદામાં ઉલ્લેખિત નિયમો અને શરતોથી સંમત હોય અને કોઇપણ અનુસુચિત બેંક માં ખાતું, PAN કાર્ડ નંબર અને GST/CST નંબર ધરાવતો હોય તે સુચિબધ્ધ થવા અરજી કરી શકે છે. એજન્સીના કિસ્સામાં, એટલે કે એક કરતા વધુ વ્યક્તિ માણસો ની સંસ્થાના કિસ્સામાં મુખ્ય કાર્યકારી વ્યક્તિનું PAN કાર્ડ જરૂરી છે. જેથી જે તે ટેન્ડરરે PAN કાર્ડ ની નકલ, આધારે કાર્ડની નકલ, GST/CST નં. ની નકલ.,

૩. સંપુર્ણ વિગત ભરેલા ટેન્ડરો સીલબંધ કવરમાં રૂબરૂ **તા. ૨૯/૦૫/૨૦૨૩** નાં ૧૨:૩૦ કલાક સુધીમાં અત્રેને મળે તે રીતે મોકલવાના રહેશે.

૪. ઇસમોના વતીથી કામ કરનાર પ્રતિનિધિઓએ કુલમુખત્યારનામું રજુ કરવાનું રહેશે.

૫. ટેન્ડર દીઠ ખરાપણાની રકમ ₹.૨૫,૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ અને ટેન્ડર ફી. રૂ. ૧૫૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ રાષ્ટીયકૃત બેંકનો કોસ્ડ કરેલ **નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ, સુરત** ના નામનો ટેન્ડર દીઠ સાથે જોડવાનો રહેશે. ઓછા ખરાપણાની રકમ હશે, તો ટેન્ડર માન્ય ગણાશે નહી.

૬. ટેન્ડરના દરેક પાના પર સહીં કરવાની રહેશે.

૭. ટેન્ડરમાં ભાવ રકમ, આંકડા અને શબ્દમાં એક યુનીટદીઠ આપવાના રહેશે.

૮. ટેન્ડરમાં છેકછાક હોય ત્યાં ટુંકી સહી કરવાની રહેશે.

૯. અધુરી વિગતના ટેન્ડરો ધ્યાને લેવામાં આવશે નહી.

૧૦. નક્કી કરેલ તારીખ / સમય પછી આપેલ ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહી.

૧૧. ઇસમો ટેન્ડર ખોલવાના સમય સુધીમાં આપેલ ટેન્ડર પાછુ ખેચી શકશે. પરંતુ આમ કરવા માટે તેઓએ અત્રેની પુર્વ મંજુરી લેવી પડશે. ડીપોઝીટ પરત કરવી કે નહી તેનો નિર્ણય પણ નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ, સુરતનો રહેશે.

૧૨. કોર્ટ ધ્વારા નૈતિક અધ:પતન કે અન્ય ગુન્હા સંબધિત શિક્ષા ફરમાવવામાં આવેલ વ્યક્તિઓ, અઢાર વર્ષથી ઓછી ઉમરની વ્યક્તિઓ તથા કાળી યાદીમાં મુકાયેલ ઇસમોનાં ટેન્ડર રદબાતલ ગણાશે. આવા કેસમાં ડીપોઝીટની રકમ ખાલસા થશે.

૧૩. ઇસમો / કંપની એક જ ટેન્ડર ભરી શકશે.

૧૪. ટેન્ડર રજુ કર્યા બાદ ઇસમો ધ્વારા કોઇ ફેરફાર થઇ શક્શે નહી.

૧૫. ટેન્ડર **તા. ૨૯/૦૫/૨૦૨૩** ના રોજ બપોરે **૧૩:૦૦ કલાકે** ખોલવામાં આવશે.

૧૬. નિયત સમય સુધીમાં આપેલ ટેન્ડરો નક્કી કરેલ તારીખે અને સમયે હાજર રહેલ ઇસમો સમક્ષ નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ, સુરત ધ્વારા ખોલવામાં આવશે. તેમજ ભાવ વાંચી સંભળાવવામાં આવશે.

૧૭. આપેલ બધા ટેન્ડરો અથવા તે પૈકીનાં કોઇપણ ટેન્ડરો કારણો વગર અસ્વીકાર કે અંશતઃ સ્વીકારવાનો હક્ક નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ, સુરત પાસે અબાધિત રહેશે.

૧૮. ટેન્ડર મંજુર થયેથી જે તે પાર્ટીએ નામ/સરનામું વિગેરે માહિતે અત્રેને બનતી ત્વરાએ પુરી પાડવાની રહેશે.

૧૯. અત્રેની મંજુરી વગર મંજુર ટેન્ડર અન્ય ઇસમને તબદીલ થઇ શકશે નહિ.

૨૦. પ્રથમ તબક્કામાં સુચિબધ્ધ કરેલ પાર્ટીઓ તા. ૩૧/૦૩/૨૦૨૪ સુધી અધિકૃત રહેશે.

૨૧. સામાજીક વનીકરણ વિભાગ, સુરતમાં સુરત અને તાપી જિલ્લાનો સમાવેશ થાય છે. જેમા કુલ ૧૧ રેંજ આવે છે. સુરત જિલ્લામાં સુરત(દ), ઓલપાડ, કામરેજ, પલસાણા, બારડોલી, મહુવા, માંડવી. માંગરોલ, અને તાપી જિલ્લામાં ઉચ્છલ, વ્યારા, સોનગઢ, વાલોડ (તાલુકા) નો સમાવેશ થાય છ. જે એજન્સીએ આ વિસ્તારમાં માલ પુરો પાડવાનો રહેશે.

૨૨. ટેન્ડરમાં સહી કરનાર વ્યક્તિએ તે પેઢીનાં ભાગીદાર કે મેનેજર હોય તો સ્ટેમ્પ પેપર પર લખાણ રજુ કરવાનું રહેશે.

૨૩. ટેન્ડર જેના નામે મંજુર થયેલ હશે. તેને તમામ શરતો બંધનકર્તા રહેશે. કોઇપણ શરતનો ભંગ થશે તો ખરાપણાની રકમ ખાલસા થશે. તેમજ જે નુકશાન થશે તે તેઓએ ભરપાઇ કરવાનું રહેશે.

૨૪. ટેન્ડર મંજુર થયેથી માલ સપ્લાય દરમ્યાન માલને કોઇ નુકશાન થાય તો અત્રેની જવાબદારી રહેશે નહિ.

૨૫. ટેન્ડર મંજુર થયા બાદ માલ સપ્લાયની કામગીરી દરમ્યાન કોઇ મજુર / કારીગર ને નુકશાન / ઇજા થાય તો મજુર કાયદા કે અન્ય કાયદા મુજબ અત્રેની કોઇ જવાબદારી રહેશે નહી.

૨૬. માલ સારી ગુણવત્તાનો હોવો જોઇએ.

૨૭. ટેન્ડર મંજુર થયેથી કામગીરી / માલસામનનો જથ્થો પુરો પાડવાનો ઓર્ડર સંબંધિત પાર્ટીને મળી જતો નથી. કામગીરી શરૂ કરવાનો સમય અને સ્થળ વર્ક ઓર્ડરમાં આપવામાં આવશે. જે પાર્ટીને બંધનકર્તા રહેશે.

૨૮. ચુકવણાં માટે રજુ થયેલ બીલ/વાઉચર, ચુકવણાં ફંડની ઉપલબ્ધતાને આધીન  શક્ય ત્વરાએ કરવામાં આવશે, ચુકવણું ફંડની ઉપલબ્ધતા પર આધારિત હોવાથી આ માટે કોઇ બાહેધરી આપવામાં આવતી નથી.

૨૯. થયેલ કામગીરીની ચુકવણી થયા પછી પણ તેની ગુણવત્તા અથવા જથ્થામાં કોઈ ક્ષતિ  જોવા મળશે તો, એજન્સીને દંડ કરવામાં આવશે અને જરૂર જણાયતો તેને બ્લેક લિસ્ટ કરવામાં આવશે.

૩૦. નાણાકીય બીડ જુદા સીલ બંધ કવરમાં દર્શાવી રજુ કરવાનું રહેશે

૩૧. જે પાર્ટી ઓછામા ઓછો દર આપશે તેને L1 તરીકે જાહેર કરવામાં આવશે અને પસંદ કરેલ પાર્ટીએ અન્ય શરતોનુ પાલન કરવાનું રહેશે.

૩૨. સરકારશ્રી દ્વારા લેવમાં આવતો નિર્ણયના લીધે, કુદરતી આફતો જેવી બાબતોથી આઇટમ સપ્લાય કરનારને કોઇપણ નુકશાન થાય તો તે માટે નાયબ વન સંરક્ષકશ્રીની જવાબદારી રહેશે નહી.એજન્સી દ્વારા કામગીરી પર રોકવામાં આવેલ મજુરોને લગત તમામ કાયદાકીય બાબતો, જેવી કે મજુર વિમો, મજુર કાયદાનો  અમલ, ઔધોગીક વિવાદધારો, ન્યુનતમ દૈનિક વેતનદર, સુરક્ષા વગેરે કાયદાઓનુ પાલન અને તેમાંથી ઉપસ્થિત થતી તમામ કાયદાકીય અને નાણાકીય જવાબદારીનું વહન કરવાનું રહેશે. કામ પર આવતા મજુરોની સુરક્ષા સંબંધિત તમામ સાધન-સામગ્રી એજન્સીએ પૂરી પાડવાની રહેશે. જેના અભાવે કોઇ  અકસ્માત/દુર્ઘટના બનશે તેની સમગ્ર જવાબદારી સોંપેલ એજન્સીને રહેશે અને તેઓને ન્યાયિક અને ફોજદારીની તમામ બાબતોની જવાબદારી રહેશે. કામગીરીના સ્થળે એજન્સીએ તમામ પ્રકારની મેડીકલ અને સુરક્ષા ઉપકરણોની વ્યવસ્થા કરવાની રહેશે.

૩૩. ભાવની વાટાઘાટા :- L1 માં પસંદગી પામનાર સાથે ભાવમાં વાટાઘાટા કરવાની સત્તા નાયબ વન સંરક્ષકશ્રીને રહેશે.

૩૪. ઓર્ડર આપેલ આઇટમોના બજાર ભાવના વધ-ઘટ માટે નાયબ વન સંરક્ષકશ્રી જવાબદાર રહેશે નહી. ટેન્ડર ભરનારએ જરૂરી કામગીરી સંમત થયેલ દરથી કરવાની  રહેશે. કરેલ કરાર મુજબ પ્રભાવી કામગીરી અથવા કરેલ કરાર મુજબ શરતોનું પાલન નહી કરનાર અને કામગીરી સંતોષકારક નહીં જણાતા તે એજન્સીને તાત્કાલીક અસરથી કામગીરી પરથી દૂર કરવાની સંપુર્ણ સત્તા નાયબ વન સંરક્ષકશ્રીની રહેશે.

૩૫. તમામ પ્રકારનાં ટેક્ષોનો સમાવેશ કરી દર ભરવાનાં રહેશે. પરંતુ તેના ઉપર અત્રેથી ટી.ડી.એસ./જી,એસ.ટી. સરકારશ્રીના ધારા ધોરણ મુજબ કાપવામાં આવશે. ટેન્ડર સંપુર્ણ પણે ગુજરાત રાજ્ય સરકારશ્રીના સેલ્સ ટેક્ષ/ સેન્ટ્રલ ટેક્ષ/ વેટ,જી.એસ.ટી.અને ઇન્કમટેક્ષ ના આધિન રહેશે. ટ્રાન્ઝેકશનના આધિન આવેલ તમામ ટેક્ષ માટે નાયબ વન સંરક્ષકશ્રીની કોઇ જવાબદારી રહેશે નહી.

૩૬. એજન્સીએ નાયબ વન સંરક્ષકશ્રીની કચેરીમાં નિયત કરેલ નમુનામાં કરાર અંગેનું એફીડેવીટ કરી તેને નોટરી પાસેથી પ્રમાણિત કરાવી રજુ  કરવાનું રહેશે.

**અન્ય શરતો :-**

૧. આ ટેન્ડરમાં ભાગ લેનાર વ્યક્તિએ પહેલા કામગીરીંની વિગત, સ્થળ, સ્થિતિ જોઇને ભાગ લીધેલ હશે એમ માનવામાં આવે છે. જાહેરાતમાં આપેલ વિગતોથી તેઓ વાકેફ છે. તેમ સમજવામાં આવશે.

૨. તારીખમાં કોઇ ફેરફાર થાય તો તે નવી તારીખે આ શરતો લાગુ પડશે.

૩. ભાવો મંજુર કરવાની સત્તા ધરાવનાર સમક્ષ અધિકારી સૌથી ઓછા અથવા કોઇપણ માંગણી સ્વીકારવા બંધાયેલ નથી. તે માટે કોઇ કારણ આપવામાં આવશે નહી.

૪. ટેન્ડરના ભાવ કે શરતના અર્થ બાબતે વિવાદ ઉભા થાય તો નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ, સુરતનો નિર્ણય આખરી રહેશે.

૫. જરૂરિયાત મુજબનો માલ સમય મર્યાદામાં પુરો પાડવાનો રહેશે.

૬. સદર ટેન્ડર સમય-મર્યાદા ચાલુ નાણાંકીય વર્ષ માહે ૩૧/૦૩/૨૦૨૪ સુધી financial bid માં દર્શાવેલ દર માન્ય ગણવામાં આવશે. અને આ સમયગાળા  નાયબ વન સંરક્ષકશ્રી અને પાર્ટીની સહમતીથી એક વર્ષ માહે ૩૧/૦૩/૨૦૨૫ સુધી લંબાવી શકાશે.

૭. નિયમોનુસાર ભરવાનો થતો GST/CST તથા અન્ય ટેક્સ જે તે એજન્સી એ ભરવાનો રહેશે.

૮. આ ટેન્ડર બાબતે ઉપસ્થિત થનાર કાનુની દાવાઓ સુરત ન્યાયાલયની હકુમતમાં રહેશે.

૯. માલ સારી ગુણવત્તાનો આપવાનો રહેશે.

૧૦. મનરેગાનું પેમેન્ટ માટે : એજન્સી / પાર્ટીએ વેન્ડર રજીસ્ટ્રેશન કરાવવુ જરૂરી છે. જેના માટે આધાર કાર્ડ, બેંક એકાઉન્ટની પાસબૂકની ઝેરોક્ષ, આઇ.ડી.પ્રૂફ, પાનકાર્ડની ઝેરોક્ષ ,જી.એસ.ટી નંબર વિગેરે સંલગ્ન રેકર્ડ રજુ કરવાનુ રહેશે. મનરેગાના માલ સામાનનું ચુકવણું બજેટ ઉપલબ્ધતાના આધારે કરવામાં આવશે. જે ઇજારદાર પાર્ટી / પાર્ટીને બંધંકર્તા રહેશે.

| | | |
|---|---|---|
| સ્થળ :- સુરત | ટેન્ડર ભરનારની | નાયબ વન સંરક્ષક |
| તારીખ :- | સહિ | સામાજીક વનીકરણ વિભાગ |
| | | સુરત |

# Technical Bid

**Details (વિગત) :**
**Name (નામ) : ........................................................................................................**
**PAN No. (પાન કાર્ડ નંબર ) : ..........................................................................**
**(પાન કાર્ડ નંબર અનીવાર્ય છે.)**
**GST / CST No. : .........................................................................................**
**(GST નંબર અનીવાર્ય છે. )**
**Mobile No (મોબાઇલ નં ) : ..........................................................................**
**Bank Account No : ...................................................................................**
**IFSC Code : ...............................................................................................**
**Bank Name (બેંકનુ નામ) : .........................................................................**
**Communication address: (સરનામું)**
**.............................................................**
**.............................................................**
**.............................................................**
**.............................................................**
**.............................................................**

**Documents to be submitted: (જરૂરી દસ્તાવેજોનું લીસ્ટ)**

1. Signed copy of terms and condition pages (સહી કરેલ નિયમો અને શરતોનુ પાનું)
2. DD of Rs. 25,000/- as Tender EMD & DD of Tender Fee Rs. 1500/- (ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા બેંક ડ્રાફ્ટ)
3. Signed copy of PAN card (સ્વસહી કરેલ પાન કાર્ડની કોપી)
4. Signed copy of GST Reg strat on (સ્વસહી કરેલ જી.એસ.ટી. રજીસ્ટ્રેશનની કોપી)
5. Financial Bid sealed in separate cover (નાણાકીય બીડ સીલબંધ કવરમાં)

I, …………………………… hereby declare that I have read all the conditions carefully and having agreed to them fully and unconditionally have submitted the financial bid attached to this document. The above details are true to my knowledge and the documents listed above are attached herewith.
આથી હું …………………………………………… જાહેર કરૂ છું કે, અમોએ બધી શરતો અને નિયમો કાળજી પુર્વક વાંચેલ છે અને સંપુર્ણ પણે સંમત થાઉ છું. ઉપર ઉલ્લેખ કરેલ તમામ વિગતો મારી જાણ પ્રમાણે સાચી છે. અને ઉપર દર્શાવેલ દસ્તાવેજો સાથે જોડાયેલ છે.

Signature (સહી)

# <u>Financial bid (નાણાકીય બીડ)</u>

(To be submitted in a separate sealed cover clearly mentioning FINANCIAL BID)
(જુદા સીલ બંધ કવરમાં નાણાકીય બીડ દર્શાવી રજુ કરવાનું રહેશે.)

| રેંજ | **Items to be purchased** (ખરીદ કરવાની વસ્તુ) | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | નર્સરીમાં પોલીથીન બેગ ભરવા માટે પીળી માટી | | | | નર્સરીમાં પોલીથીન બેગ ભરવા માટે છાણીયુ ખાતર | | | |
| | અંદાજીત જથ્થો (ઘ.મી.) | એકમ (૧ ઘ. મી.) | એકમનાં ભાવ ( અંકો મા ) | એકમનાં ભાવ (શબ્દો માં) | અંદાજીત જથ્થો (ઘ.મી.) | એકમ (૧ ઘ.મી.) | એકમનાં ભાવ ( અંકો મા ) | એકમનાં ભાવ (શબ્દો માં) |
| સુરત જીલ્લો | | | | | | | | |
| ચોર્યાસી | ૬૦૦૦ ઘ.મી. (સુરત અને તાપી બન્ને જીલ્લા મળીને ) | | | | ૨૦૦૦ ઘ.મી. (સુરત અને તાપી બન્ને જીલ્લા મળીને) | | | |
| ઓલપાડ | | | | | | | | |
| કામરેજ | | | | | | | | |
| પલસાણા | | | | | | | | |
| બારડોલી | | | | | | | | |
| મહુવા | | | | | | | | |
| માંગરોલ | | | | | | | | |
| માંડવી | | | | | | | | |
| તાપી જીલ્લો | | | | | | | | |
| વ્યારા | | | | | | | | |
| સોનગઢ | | | | | | | | |
| મહુવા (તા.વાલોડ) | | | | | | | | |
| ઉચ્છલ | | | | | | | | |

## <u>Note:</u>

1. The figures can have maximum one place of decimal.
   સંખ્યામાં વધુમા વધુ એક દશાંશ હોવા જોઇએ.

Having read all the mentioned terms and conditions carefully and having agreed to them fully and unconditionally my financial bid is submitted as above.

ઉપરોક્ત શરતોને ધ્યાન પૂર્વક વાંચેલ છે અને કોઇપણ શરત વગર અને પુરી સહમતીથી મારૂ નાણાંકીય બીડ ઉપરોક્ત મુજબ રજુ કરૂ છુ.

**Signature (સહિ ) :** ……………………… **PAN(પાન કાર્ડ નંબર) :- ..................................**

**Name (નામ) :___________________________** **GST / CST No. ........................................………**